

# બીચ પર સ્ટાઈલિશ લુક કઈ રીતે મેળવશો?







**જેમ જેમ ગરમીનો પારો ઊંચે ચઢતો જાય છે અને સૂર્ય એની પ્રખરતાથી તપે છે ત્યારે ગરમીની મોસમમાં તમારા બીચવેરને અપડેટ કરવાનો સમય આવી ગયો છે. તમે સ્વિમિંગ પુલ પાસે બેઠાં હો કે વેકેશનમાં બીચના પ્રવાસે જઈ સમુદ્ર કિનારે લટાર મારતાં હો બીચવેર સ્ટાઇલ તમારા સમરલુકને એક નવી જ ઊંચાઇએ પહોંચાડશે. ટ્રેન્ડી સ્વીમસૂટસથી માંડી સ્ટાઇલિશ કવરઅપ્સ તમે કોન્ફિડન્સથી પહેરી શકો એ માટે કેટલીક ટિપ્સ જોઇએ...**

## યોગ્ય સ્વીમસૂટની પસંદગી





કોઇ પણ બીચવેરનો પાયો સ્વીમસૂટ છે. આથી તમે કમ્ફર્ટેબલ અને કોન્ફિડન્ટ રહો એવા સ્વીમસૂટ્સ પસંદ કરવા જરૂરી છે. સ્વીમસૂટ પસંદ કરતી વખતે તમારા બોડી ટાઈપ અને પર્સનલ સ્ટાઈલ ધ્યાનમાં રાખો. પછી ભલે એ કલાસિક વન પીસ હોય, ચિક બિકીની હોય કે હાઈ વેસ્ટેડ સ્ટાઈલ હોય... તમારા સ્કિન ટોનને નિખારે એવા કલર્સ અને પ્રિન્ટસ પસંદ કરો. કસ્ટમાઈઝડ લુક માટે ટોપ અને બોટમને મિકસ એન્ડ મેચ કરતાં અચકાવ નહિ.

## કવર અપ

ક્ષણોમાં તમારા લુકને નિખારતાં સ્ટાઈલિશ કવર અપ એક આવશ્યક બીચવેર છે. ઉનાળાની ગરમીમાં તમને ઠંડક આપી કવરેજ આપતા કોટન, લિનન કે શિફોન જેવાં લાઈટવેટ ફેબ્રિકસના કવર અપ્સ પસંદ કરો. તમારી સ્ટાઈલને મેળ ખાતાં બ્રીઝી કફતાનથી માંડી ફ્લોઈ મેકસી ડ્રેસિસ, સરોંગથી માંડી રોમ્પર્સ જેવા અનેક વિકલ્પો તમને મળી રહેશે. તમારા બીચ લુકને આકર્ષક બનાવવા ફન પ્રિન્ટસ કે એમ્બ્રોઈડરીવાળા કવર અપ્સ પસંદ કરી શકાય.

## ત્વચાનું રક્ષણ

જયારે તમે બહાર ગરમીમાં સમય વિતાવો ત્યારે સૂર્યનાં કિરણો પ્રત્યે બેધ્યાન રહો એ યોગ્ય નથી. આથી તમારા બીચવેરમાં સ્ટાઈલિશ સન પ્રોટેકશન સામેલ કરવાનું ભૂલશો નહિ. તમારા લુકને નિખારતી અને સૂર્યનાં પ્રખર કિરણોથી ચહેરાનું રક્ષણ કરતી વાઈડ બ્રીમ્ડ હેટ્સ, સ્ટ્રો વિઝર્સ કે ટ્રેન્ડી બકેટ હેટ્સ પસંદ કરો. તમારી સન સેફ સ્ટાઈલને કમ્પલીટ કરવા ઓવરસાઈઝ્ડ સનગ્લાસિસ, SPFયુક્ત લિપ બામને ભૂલશો નહિ.



## લાઇટવેટ એક્સેસરીઝ



તમારી બીચવેર સ્ટાઈલને નિખારવા માટે એકસેસરીઝ ચાવી રૂપ છે પરંતુ એ લાઈટવેટ હોય એ જરૂરી છે. સ્પાર્કલના ટચ માટે ડેલિકેટ નેકલેસ અને બ્રેસ્લેટ પહેરી શકાય. રેતી અને ખારા પાણીથી એકસેસરીઝને નુકસાન ન થાય એ માટે વોટરપ્રૂફ જ્વેલરી પસંદ કરો. તમારી વસ્તુઓને સ્ટાઈલમાં રાખવા કલરફુલ બીચ ટોટે કે વોવન બાસ્કેટ બેગથી લુક કમ્પલીટ કરો.

## મિક્સ એન્ડ મેચ



સ્વીમવેરને તમારાં રોજિંદાં કપડાં સાથે મિક્સ એન્ડ મેચ કરી બીચવેર સ્ટાઈલિંગને ક્રિયેટીવ બનાવો બીચ ટુ બ્રંચ લુક માટે બિકીની ટોપને હાઈવેસ્ટેડ ટોપ કે મીડી સ્કર્ટ સાથે પેર કરી શકાય અથવા ટિવસ્ટ માટે શીઅર બ્લાઉઝ અથવા ઓવર સાઈઝ્ડ શર્ટ સાથે સ્વીમસૂટ લેયર કરો તમારી યુનિક સ્ટાઈલને પ્રતિબિંબિત કરે અને તમે લાંબો સમય કમ્ફર્ટેબલ અને સ્ટાઈલિશ લાગો એ માટે જુદાં જુદાં કોમ્બિનેશન્સ સાથે પ્રયોગ કરી શકાય.

## ફૂટવેર

ફૂટવેર તમારા બીચવેરનો લુક નિખારી કે બગાડી શકે છે એટલે ફૂટવેરની પસંદગી કાળજીપૂર્વક કરો. સ્ટર્ડી સોલ્સ અને વોટરપ્રૂફ મટીરિયલ્સનાં સેન્ડલ કે ફિલપફલોપ પસંદ કરો. રેતીમાં તમે ખુલ્લા પગે પણ લટાર મારી શકો. તમે જે કંઈ પસંદ કરો પરંતુ ધ્યાન રાખો કે એ કમ્ફર્ટેબલ હોય.